# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

: ૦૨૬૧-૨૬૬૨૯૦૨ : suratdeo@gmail.com


જા.નં./મા-૨/UDISE+/૨૦૨૬/ 10614 તા. 6 /૦૮/૨૦૨૬

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, અને ખાનગી
માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ-સુરત

વિષય : UDISE+ પોર્ટલ પર શાળાની, શિક્ષકોની તથા વિદ્યાર્થીઓની વિગતો સમયમર્યાદામાં સંપૂર્ણ ચોકસાઈ સાથે અપડેટ કરવા તથા ડેટાની ગુણવત્તા સુનિશ્ચિત કરવા બાબત.

સંદર્ભ : કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક COS/ITC/2026/689-735, તા. 05/08/2026.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા UDISE+ (Unified District Information System for Education Plus) પોર્ટલ શાળા શિક્ષણ વ્યવસ્થાની તમામ માહિતીનું અધિકૃત અને આધારભૂત ડેટાબેઝ છે. રાજ્ય સરકાર તેમજ ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવતી વિવિધ શૈક્ષણિક યોજનાઓ, વિદ્યાર્થીલક્ષી યોજનાઓ, શાળાઓના માળખાકીય વિકાસ, વિવિધ પ્રકારની મંજૂરીઓ, ગ્રાન્ટ, નીતિ નિર્ધારણ તથા ભવિષ્યના શૈક્ષણિક આયોજન માટે UDISE+ પોર્ટલમાં ઉપલબ્ધ માહિતી જ આધારરૂપ ગણવામાં આવે છે.

આથી દરેક શાળાએ UDISE+ પોર્ટલમાં નોંધાતી માહિતીની સંપૂર્ણતા, ચોકસાઈ, વિશ્વસનીયતા અને સમયસર અપડેશન માટે વિશેષ કાળજી રાખવી અત્યંત આવશ્યક છે. તેમજ વિદ્યાર્થીઓને મળતી વિવિધ સરકારી યોજનાઓના લાભો, શાળાઓને મળતી ગ્રાન્ટ, વિવિધ યોજનાઓ, માળખાકીય વિકાસ (Infrastructure Development), શૈક્ષણિક સુવિધાઓ તથા અન્ય સરકારી લાભો UDISE+ માં ઉપલબ્ધ માહિતીના આધારે જ નિર્ધારિત થવાના છે. તેથી જો કોઈપણ વિદ્યાર્થી, શિક્ષક અથવા શાળાની માહિતી અધૂરી, ખોટી અથવા અપડેટ ન હોય તો તેના પરિણામે વિદ્યાર્થી કે શાળા સરકારી લાભોથી વંચિત રહી શકે છે, જેની સંપૂર્ણ.જવાબદારી સંબંધિત શાળાના આચાર્યશ્રીની રહેશે.

આથી તમામ શાળાઓના આચાર્યશ્રીઓને નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે :

1. UDISE+ પોર્ટલના School Directory & User Management, School Profile & Facilities, Teacher Module તથા Student Module ની તમામ વિગતો સંપૂર્ણ, સાચી અને અદ્યતન રાખવી.

2. દરેક વિદ્યાર્થી, શિક્ષક તથા શાળાની વિગતો સંબંધિત આધારભૂત દસ્તાવેજોના આધારે જ દાખલ કરવી તથા કોઈપણ પ્રકારની ખોટી, અધૂરી અથવા અંદાજિત માહિતી દાખલ કરવી નહીં.

3. તમામ માહિતી અપડેટ કર્યા બાદ શાળા કક્ષાએ 100 ટકા Cross Verification ફરજિયાત કરવું તેમજ કોઈપણ પ્રકારની ક્ષતિ કે વિસંગતતા જણાય તો તાત્કાલિક સુધારણા કરવી.

4. UDISE+ સંબંધિત તમામ રિપોર્ટ, દસ્તાવેજો તથા પુરાવાઓ શાળા કક્ષાએ જાળવી રાખવાના રહેશે અને માંગણી થાય ત્યારે રજૂ કરવાના રહેશે.

5. Out of School/Dropout વિદ્યાર્થીઓની વિગતોની પણ યોગ્ય ચકાસણી કરી નિયમ મુજબ અપડેટ કરવાની રહેશે.

6. રાજ્ય સરકારની સૂચના મુજબ જિલ્લા કક્ષાએ તથા તાલુકા કક્ષાએ ડેટાની ગુણવત્તાની ચકાસણી, ક્રોસ વેરિફિકેશન તથા Surprise Inspection હાથ ધરવામાં આવશે. જો કોઈપણ પ્રકારની બેદરકારી, ખોટી માહિતી, અધૂરી માહિતી અથવા વિસંગતતા જણાશે તો સંબંધિત શાળા સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

7. આ કામગીરીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

આ બાબતને અત્યંત ગંભીરતાથી લઈ વ્યક્તિગત દેખરેખ હેઠળ કામગીરી પૂર્ણ કરવાની રહેશે. કોઈપણ પ્રકારની બેદરકારી, વિલંબ કે ક્ષતિ ગંભીર ગણાશે અને તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત આચાર્યશ્રીની રહેશે.

**બિડાણ:-ઉપર મુજબ**

આપનો વિશ્વાસુ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત.

<u>નકલ રવાના :</u>

1. શિક્ષણ નિરીક્ષકશ્રી, સદર કચેરી– ઉપરોક્ત સૂચનાઓનું પાલન થાય તેની દેખરેખ રાખી જરૂરી કાર્યવાહી કરવા.
2. તમામ મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ, સદર કચેરી – પોતાના કાર્યક્ષેત્રની તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં UDISE+ ની કામગીરીની નિયમિત સમીક્ષા કરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા.
3. તમામ શાળા વિકાસ સંકુલ (SVS) કન્વીનરશ્રીઓ, સુરત શહેર અને જિલ્લો – સંકુલ હેઠળની તમામ શાળાઓમાં UDISE+ ની કામગીરીનું સતત મોનિટરિંગ કરી ડેટાની ગુણવત્તા તથા સમયસર કામગીરી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા.
4. તમામ QDC (Quality Development Circle) કન્વીનરશ્રીઓ, સુરત શહેર અને જિલ્લો – તમામ શાળાઓમાં UDISE+ ડેટાનું 100% Cross Verification કરાવી ડેટાની ચોકસાઈ, સંપૂર્ણતા તથા ગુણવત્તા સુનિશ્ચિત કરવા અને જરૂરી અનુસરણ હાથ ધરવા.

**Commissionerate of Schools**

**Vidya samiksha Kendra, Sector 19, Gandhinagar 382010**

**Te.No : 07923254001 E-mail: integrated.itcell@gmail.com**

---

**ક્રમાંક: COS/IITC/2026/** 689 - 735 **તા.૦૫/૦૮/૨૦૨૬**

વિષય : વિવિધ યોજનાઓના અમલીકરણ, પાયાની સુવિધાઓ અને વહીવટી પ્રક્રિયાઓ માટે **UDISE+** પોર્ટલના ડેટાનો ઉપયોગ કરવા બાબત.

**સંદર્ભ : માન. અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નો પત્રક્રમાંક:પી.એસ./શિ.વિ./૫૩/૨૦૨૬, તારીખ:૩૧/૦૭/૨૦૨૬.**

**પરિપત્ર:-**

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા યુનિફાઇડ ડિસ્ટ્રિક્ટ ઇન્ફર્મેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન પ્લસ (UDISE+) પોર્ટલ હાલ શૈક્ષણિક આયોજન અને વહીવટી પ્રક્રિયાઓ માટે એક મહત્વપૂર્ણ આધારભૂત સ્રોત તરીકે કાર્યરત છે.

આથી શાળા કક્ષાએ ડેટા ભરવામાં ચોકસાઇ રહે અને ડેટા સમયસર અપડેટ થાય તો સચોટ નિર્ણય પ્રક્રિયા અને સંસાધનની યોગ્ય ફાળવણી વધુ સુવ્યવસ્થિત થઈ શકે તે માટે સંદર્ભ દર્શિત પત્રથી થયેલ સૂચના અનુસાર હવેથી તમામ કલ્યાણકારી યોજનાકીય લાભો, નાણાકીય લાભો, સેવાકીય અને વહીવટી પ્રક્રિયાઓ માટે તમામ સ્તરે આયોજન, સંસાધનોનું મેપિંગ, મંજૂરીઓ, પાયાની સુવિધાઓ (Infrastructure Development), સરકારી યોજનાઓ અને કાર્યક્રમો વિગેરે માટે UDISE+ ડેટાનો જ આધાર લેવા માટે સંદર્ભદર્શિત આદેશથી જણાવેલ છે. જે અન્વયે તમામ સંબંધિતોને નીચે મુજબની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા આથી જણાવવામાં આવે છે.

**અ. અમલીકરણની વિગતો-**

1. કમિશનર શાળાઓની કચેરી હસ્તકની યોજનાઓ, કાર્યક્રમો, નાણાકીય, સેવાકીય અને વહીવટી બાબતોમાં આ UDISE+ પોર્ટલના ડેટા આધારિત કાર્યવાહીની ચૂસ્ત અમલવારી કરવાની રહેશે.
2. આ કચેરી હસ્તકની તમામ યોજનાઓ અને કાર્યક્રમો જેવા કે, નમો લક્ષ્મી-નમો સરસ્વતી શિષ્યવૃત્તિ યોજના, કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ, મફત પાઠ્ય પુસ્તક યોજના, શૈક્ષણિક પ્રવાસ પ્રોત્સાહન યોજના, જ્ઞાન સેતુ સ્કોલરશીપ યોજના, જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના, વિદ્યાદીપ વીમા યોજના, સંસ્કૃત સાધના, રક્ષા શક્તિ સ્કૂલ્સ વિગેરેમાં UDISE+ ડેટાનો જ આધાર લેવાનો રહેશે.
3. ક્રમિક વર્ગ વધારા/ઘટાડા, બજેટ, નવી બાબતો, વહીવટી મંજૂરીઓ વિગેરે માટે પણ UDISE+ ડેટાનો આધાર લેવાનો રહેશે.
4. સરકારી અને અનુદાનિત શાળાના શિક્ષકો/કર્મચારીઓની સેવાકીય અને મહેકમ સંલગ્ન બાબતો/કામગીરી માટે પણ UDISE+ ડેટાને પ્રાથમિકતા આપવાની રહેશે.
5. શાળાઓમાં પાયાની સુવિધાઓ (Infrastructure Development), શાળાઓને આપવામાં આવતા અનુદાન (ગ્રાન્ટ) અને ઓડિટ વિગેરે જેવી નાણાકીય બાબતોમાં પણ ક્રમશ: UDISE+ ડેટાનો જ આધાર લેવાનો રહેશે.

**બ. ડેટા અપડેશનની મુખ્ય સૂચનાઓ:-**

આમ, આગામી સમયમાં આ કચેરી સંબંધિત તમામ યોજનાકીય લાભો, નાણાકીય લાભો, સેવાકીય અને વહીવટી પ્રક્રિયાઓ માટે

તમામ સ્તરે આયોજન, સંસાધનોનું મેપિંગ, મંજૂરીઓ, પાયાની સુવિધાઓ (Infrastructure Development), સરકારી યોજનાઓ અને કાર્યક્રમો વિગેરે સીધા જ UDISE+ પોર્ટલ સાથે સાંકળવામાં આવનાર હોય, રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ દ્વારા UDISE+ પર તમામ મોડ્યુલ સમયસર અને ચોકસાઈપૂર્વક અપડેટ થાય તે અત્યંત આવશ્યક છે. આથી તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ નીચે મુજબની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

1. જિલ્લાની કોઈપણ શાળાની UDISE+ પોર્ટલ નોંધણી બાકી હોય તો જિલ્લા MIS મારફત નિયત પ્રક્રિયા પૂર્ણ કરી તાત્કાલિક UDISE+ કોડ મેળવી લેવાનો રહેશે.
2. UDISE+ પોર્ટલ પર આપેલ તમામ 4 મોડ્યુલ; School Directory & User Management, School Profile & Facilities (Certification), Teacher Module અને Students Module ની તમામ વિગતો સમયસર અને ચોકસાઈપૂર્વક ભરી અપડેટ કરવા તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને જિલ્લા કક્ષાએથી સૂચના આપવાની રહેશે.
3. પોર્ટલ પર હાલ ભરેલ ડેટા સંબંધિત કોઈ પણ વિસંગતતા કે ક્ષતિ હોય તો તે અંગેની સુધારા પ્રક્રિયા તાત્કાલિક ધોરણે પૂર્ણ કરવાની રહેશે.
4. આગામી સમયમાં તમામ યોજનાકીય લાભો, નાણાકીય લાભો, સેવાકીય અને વહીવટી પ્રક્રિયાઓ માટે તમામ સ્તરે આયોજન, સંસાધનોનું મેપિંગ, મંજૂરીઓ, પાયાની સુવિધાઓ (Infrastructure Development), સરકારી યોજનાઓ અને કાર્યક્રમો વિગેરે માટે UDISE+ ડેટાનો જ આધાર લેવામાં આવનાર છે આથી તમામ વિગતો ક્ષતિરહિત ભરાય તે બાબતથી તમામ શાળાના આચાર્યશ્રીઓને અવગત કરાવવાના રહેશે.
5. UDISE+ પોર્ટલ પર વિગતો ભરતા પહેલા પોર્ટલ મૂકવામાં આવેલ માર્ગદર્શિકા, વીડિયો, FAQ, મોડ્યુલ, વિગેરેનો અભ્યાસ કરી લેવાનો રહેશે જેથી પોર્ટલ પર વિગતો ભરવામાં કોઇ ક્ષતિ ન રહે.
6. ડેટા ચકાસણીમાં કોઈપણ સ્તરે ક્ષતિ, ખોટી એન્ટ્રી કે બેદરકારી જણાશે તો જે-તે સ્તરના અધિકારી/કર્મચારીની અંગત જવાબદારી રહેશે.

<u>ક. જવાબદારી અને ડેટા ચકાસણીનું માળખું :-</u>

ડેટાની સચોટતા, પારદર્શિતા અને સમયસર નોંધણી સુનિશ્ચિત કરવા માટે તમામ સ્તરે જવાબદારીઓ અને ચકાસણીનું માળખું નીચે મુજબ નિયત કરવામાં આવે છે:

કમિશનરશ્રી શાળાઓની કચેરી હસ્તકની તમામ શાખાઓમાં ઉપર જણાવેલ અ તથા બ મુજબની સૂચનાઓની અમલવારીની જવાબદારી સંબંધિત શાખા અધિકારીશ્રીની રહેશે અને ક્ષેત્રીય કામગીરી માટે નીચે દર્શાવ્યા મુજબ અમલવારી કરવાની રહેશે.

**1.** શાળા કક્ષા **(School Level) :** શાળાના આચાર્યશ્રી

- UDISE+ પોર્ટલ પર વિદ્યાર્થીઓ તેમજ શાળાના તમામ મોડ્યુલના દરેક ડેટાની ક્ષતિરહિત પ્રાથમિક નોંધણી (Data Entry) કરવાની રહેશે.

**2. QDC** કક્ષા **:-** મદદનીશ શિક્ષણ નિરીક્ષક અને **QDC(Quality Development Circle)**

- તાબા હેઠળની તમામ શાળાઓ દ્વારા અપલોડ કરાયેલા ડેટાની ૧૦૦% ચકાસણી (Cross-Verification) કરવાની રહેશે.
- ડેટામાં કોઈપણ પ્રકારની ક્ષતિ, ડુપ્લિકેશન કે વિસંગતતા (Mismatch) જણાય તો તાકીદે શાળા કક્ષાએ સુધારો કરાવવાનો રહેશે.
- **QDC**એ ચકાસણી અહેવાલ (Verification Report) નિર્ધારિત સમયમર્યાદામાં બી.આર.સી. કક્ષાએ જમા કરાવવાનો રહેશે.

**3.** તાલુકા કક્ષા **:-** શિક્ષણ નિરીક્ષક**, SVS (Shala Vikas Sankul),** તાલુકા MIS

- તાલુકા હેઠળની શાળાઓ પૈકી ઓછામાં ઓછી 20% થી 30% શાળાઓના ડેટાની સેમ્પલ ચકાસણી (Physical & Digital

Verification) કરવાની રહેશે.

- તમામ શાળાઓએ ભરેલ ઓનલાઈન ડેટાનો ફિઝિકલ રેકોર્ડ (રિપોર્ટ અને આધારો) નિભાવવાનો રહેશે.
- ડુપ્લિકેટ એન્ટ્રી કે શાળા છોડી ગયેલા (Out of School / Drop-out) વિદ્યાર્થીઓના સ્ટેટસનું ખાસ વેરિફિકેશન કરવાનું રહેશે.
- તાલુકા કક્ષાનો સંકલિત (Consolidated) અહેવાલ જિલ્લા કક્ષાએ મોકલવાનો રહેશે.

**4. જિલ્લા કક્ષા :- જિલ્લા શિક્ષણાધિકારી (DEO) અને જિલ્લા MIS.**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ કરવાની થતી તમામ પ્રકારની કામગીરીનો આધાર UDISE+ ના ડેટાનો જ લેવાનો રહેશે.
- સમગ્ર જિલ્લાના ડેટા મોનિટરિંગ અને એન્ટ્રી પ્રક્રિયાનું સઘન સુપરવિઝન કરવાનું રહેશે.
- જિલ્લાની ઓછામાં ઓછી 5% થી 10% શાળાઓમાં આકસ્મિક ચકાસણી (Surprise Inspection) હાથ ધરવાની રહેશે.
- ડેટાની ચોકસાઈની ખાતરી કર્યા બાદ જ જિલ્લા કક્ષાએથી રાજ્ય કક્ષાએ ડેટા લોક/વેલિડેટ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.

"નોંધ પર માન. કમિટીના અધ્યક્ષશ્રી તથા કમિશનરશ્રી, શાળાઓની કચેરીની મંજૂરી અન્વયે"

સંયુક્ત શિક્ષણ નિયામક (૧૦+૨)

ગુ.રા., ગાંધીનગર

પ્રતિ,

૧. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી(૧૦+૨), સદર કચેરી.

૨. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી(માધ્યમિક), સદર કચેરી.

3. સંયુક્ત નિયામકશ્રી(હિસાબ), સદર કચેરી.

૪. નાયબ શિક્ષણ નિયામકશ્રી(મહેકમ), સદર કચેરી.

૫. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ.

નકલ સવિનય રવાના:-

- રહસ્ય સચિવશ્રી, અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર – જાણ સારુ.
- અગ્ર રહસ્ય સચિવશ્રી, માન.અધ્યક્ષશ્રી, IITC તથા કમિશનરશ્રી, શાળાઓની કચેરી–જાણ સારુ.

Signature valid

Signed by:Trupti J V...
Joint Director
Date:202... .05
19:26:11 ...

File No: COS/PRC/e-file/276/2026/2382/IT Cell

Approved By: Joint Director,Higher secondary section,COS

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*